સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ગૂંલાટ કે તમાચાથી સત્તા સંબંધ બાંધી રાખો,
ખારી પૂરી, પરોઠા ને થેપલાંના લોટ બાંધી નાખો !
છે ઉતાવળ સત્તાની પથારીમાં સૂઈ જવાની -
કાચું-પાકું કે ખાટું-મીઠું રાતોરાત રાંધી નાખો!
(રાંધણછઠ્ઠની ખટપટો)

હાઈકુ

'અનિર્યાણક'
અટક્યું છછુંદર
સાપને ગળે
(ખેડૂતનું આંદોલન)

સાપ-નોળિયા
લડે છે સંસદમાં
સત્તા - વિપક્ષો
(સામસામે ફૂંફાડા)

ચિંતન

બ્રહ્મણે બ્રાહ્મણં ક્ષત્રાય રાજન્ય મરુદ્ભ્યો વૈશ્યં તપસે શુદ્રં તમસે તસ્કરં નારકાય ।
વીરહણં પાપમ્ને કલીબ માકયાયાડમયોગૂં કામાય પુંશ્ચલૂમતિકુષ્ટાય માગધમ્ ॥

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

બ્રાહ્મણ બ્રહ્મકર્મ માટે, ક્ષત્રિયત્વ - વીરતા માટે રાજાઓ, પોષણકર્મ માટે વૈશ્યો, શ્રમરુપી તપ માટે શુદ્રો, અંધકાર માટે ચોર, વીરોના હણનારાઓ નરક માટે, પાપકર્મો માટે કલીબ (નપુંસક), વિકય માટે પ્રબળ પુરુષાર્થ, 'કામ' માટે વ્યભિચારી, વકૃત્વ માટે માગધ ઉપર્યુક્ત (યોગ્ય) છે.

વેદોનું શ્રમનું મહત્ત્વ વિશેષ આંક્યું છે. શુદ્રોની સેવા એ જ તેમનું તપ છે. સમાજમાં જે જે વ્યક્તિ સેવા કરે છે તે તે તપસ્વી છે. શુદ્ર શ્રમથી પ્રત્યેક આવશ્યક વસ્તુનું નિર્માણ કરે છે. પગ પણ શરીરમાં શુદ્ર છે. પણ શરીરનો આધાર સ્તંભ છે. બ્રહ્મચારી શ્રમ અને તપથી લોકોને પુષ્ટ બનાવે છે. પત્નિ પતિનીસેવા કરે છે. મા બાળકની સેવા કરે છે. નર્સ દરદીની સેવા કરે છે. સૈનિકો સરહદની રક્ષા કરીને સેવા કરે છે. આ બધી સેવાઓ તપ જ છે. માટે કોઈ સેવાને હલકી ન માનવી જોઈએ. ભગવાનની સેવા પણ તપ છે. ભક્તિમાં એનો સમાવેશ થયો છે.

સુવિચાર

- માટી જો ચંપલને ચોંટીને આવે તો તે ઘરના ઉંબરા સુધી જ આવી શકે છે પણ જો માટલું બનીને આવો તો ઘરના પાણીયારે પૂજાય છે, વ્યક્તિનું નહીં પણ ઘડતરનું મહત્ત્વ છે - **અખંડ આનંદ**
- લાગણીમાં ભીનાશ હોય જ છે, પણ...
  એને ગણિત સ્પર્શે એટલે એના બાષ્પીભવનની પ્રક્રિયા શરૂ થાય છે - **અમૃતબિંદુ**
- જયાં સુધી અસંતોષ જીવશે ત્યાં સુધી જ સફળતા માટેની શક્યતાઓ સજીવન રહેશે - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્ઞાનથી માણસ એટલો ભારે પણ ન થઈ જવો જોઈએ કે એ
  નાના બાળકની જેમ સામે હસી પણ ન શકે - **કૃષ્ણકાન્ત ઉનડકટ**
- નસીબ એક એવી વસ્તુ છે જેને માત્ર પુરુષાર્થ જ ચમકાવી શકે છે - **ડો. વીજળીવાળા**
- પ્રેમ વગરના જ્ઞાનનું મૂલ્ય શૂન્યથી વધારે હોતું નથી - **બોધીવૃક્ષ**
- આજનું ઔષધ : તડકામાં સતત ફરવાવાળાએ લૂથી બચવા મોં માં સતત ઈલાયચી રાખવાથી રક્ષણ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

અષ્ટાવકનું એક દાર્શનિક અને તત્ત્વચિંતક તરીકે ખૂબ માન છે. તેઓ ખૂબ જ કદરુપા હતા. તેમનું શરીર કઢંગુ હતું. આથી એમનું નામ અષ્ટાવક પડ્યું હતું. એકવાર રાજા જનકના દરબારમાં ઊંચા આસનો પર સભાસદો, જ્ઞાનીઓ, પંડિતો,વગેરે બેઠેલા હતા. અને અષ્ટાવક દરબારમાં પહોંચ્યા. પ્રથમવાર તેઓ દરબારમાં ગયા હોવાથી લોકોએ તેમની સામે જોયું અને સૌ હસવા લાગ્યા. આવો માણસ તેમને કદી જોયો ન હોય તેમ સૌ જોર જોરથી હસી રહ્યા હતા. દરબારીઓને હસતાં જોઈ પહેલાં તો અષ્ટાવક મુંઝાયા અને પછી તરત જ અષ્ટાવક પર જોરજોરથી હસવા લાગ્યા. સૌ હસી હસીને થાક્યા અને શાંત થયા પછી જનકે અષ્ટાવકને પૂછ્યું, 'આ દરબારીઓ તમારા શરીરની રચના જોઈને હસે છે, પણ તમે કેમ હસો છો?' અષ્ટાવકએ જવાબમાં કહ્યું, 'મહારાજ, મને લાગ્યું કે હું મોચીની સભામાં આવી ગયો છું.' જયાં વ્યક્તિની ચામડી જોઈને તેમને મૂલવવામાં આવે છે.'

રાજા જનક સહિત આખી સભાના સભ્યો આવા જવાબથી શરમાઈ ગયા.

સાર એ છે કે વ્યક્તિનું મહત્ત્વ તેના શરીરથી નહીં, તેના જ્ઞાન, વ્યક્તિત્વ અને કર્મથી હોય છે.

કાબુલ બન્યું આતંકીઓનું યુદ્ધ મેદાન

તંત્રીસ્થાનેથી...

આ પણ કેવા સંજોગ છે કે આજે થનગાટ કરતા કળાયેલા મોર સમા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું પુણ્યસ્મરણ કરવા ઈચ્છતી કલમને કાબુલના ખૂંખાર આતંકી માહોલનું ડિસેકશન કરવાની ફરજ પડી છે! અફઘાનિસ્તાન હવે પૃથ્વી ઉપરનું નરક બની ગયું છે. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જો બાઈડન ભલે એમ કહેતા ફરે કે અફઘાનિસ્તાનમાંથી અમેરિકન સેના અને નાટોના સૈનિકોને હટાવવાનું પગલું વાજબી હતું પરંતુ એમના એ નિર્ણયનો ભોગ ગરીબ અફઘાની નાગરિકોથી લઈ ખુદ અમેરિકન સૈનિકોને બનવું પડ્યું છે. તાલિબાને વીજળીવેગે આખા અફઘાનિસ્તાન પર કબજો જમાવી દીધો અને અમેરિકાના ટેકાથી રાજ કરવા અફઘાન રાષ્ટ્રપ્રમુખને જીવ બચાવવા ભાગવું પડ્યું. તાલિબાન અને અમેરિકા વચ્ચેના કરાર મુજબ કાબુલ એરપોર્ટ જ અમેરિકન સેનાના નિયંત્રણમાં હતું જયાંથી દુનિયાના તમામ દેશો પોતપોતાના રાજદૂતો, અધિકારીો, ટેકનોક્રેટ્સ અને અફઘાનિસ્તાનમાં કામધંધો કરતા નાગરિકોને પરત બોલાવી રહ્યા હતા. તાલિબાનો વિદેશીઓને નિર્ધારિત સમય પછી એક દિવસ પણ સહી લેવા તૈયાર નથી. અમેરિકાને એમણે એમની હેસિયત બતાવી દીધી છે. ભારત માટે પણ દૂતાવાસ બંધ કર્યા પછી પોતાના નાગરિકો ઉપરાંત અફઘાનિસ્તાનમાં રહેતા બિન મુસ્લિમો (હિંદુઓ અને શીખો) તથા ભારતમાં રહેતા અફઘાનીઓના પરિવારોને સકુશળ તાલિબાનના ત્રાસમાંથી છોડાવી લાવવા એ ટોપ પ્રાયોરિટીનો કાર્યક્રમ બની રહ્યો હતો. અમેરિકન સેનાને અનુવાદકો તરીકે સેવાઓ આપનારા તથા અન્ય તાલિબાન વિરોધી અફઘાનોને અમેરિકા સલામત રીતે પોતાના દેશમાં આશ્રય આપવા કૃતનિશ્ચય છે. પરંતુ તાલેબાનોને અફઘાન ટેકનોક્રેટ્સ અને બૌદ્ધિકો દેશ છોડી જાય એ પસંદ નથી. આથી અફઘાનિસ્તાનમાંથી બહાર નીકળવાનો એક માત્ર માર્ગ કાબુલ એરપોર્ટ અંદરથી અમેરિકન અને બ્રિટીશ સૈનિકોના નિયંત્રણમાં હતો અને બહાર તાલિબાનના ખૂંખાર આતંકી લડવૈયાઓથી ઘેરાયેલો હતો. પાકિસ્તાન, ચીન અને રશિયાના સમર્થનથી તાલિબાન જોરમાં આવી ગયેલ છે. પરંતુ બાકીના દુનિયા સાથે કટ ઓફ થઈ જવાથી આર્થિક રીતે પાંગળા બની જવાશે એટલી સમજણ પણ આ નવી તાલિબાન પેઢીમાં છે. એથી એ 'આઈસિસ' (ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સિરિયા) જેવાં ખૂંખાર આતંકી જૂથો પોતાની બાજી બગાડી ન બેસે એની ચિંતામાં તો હતા જ. પરંતુ આખરે થવાકાળ હતું તે થઈને રહ્યું છે. કાબુલ એરપોર્ટ પર અને અન્યત્ર થયેલ વિસ્ફોટો આઈસિસ - ખુરાસાન નામે ઓળખાતા આતંકી જૂથે કર્યા છે. કાબુલ એરપોર્ટ પર આતંકી હુમલાનો અંદેશો મળી ગયો હોઈ અમેરિકાએ એડવાઈઝરી પણ જાહેર કરી હતી, પરંતુ દેશ છોડવા કૃતસંકલ્પ અફઘાનોનાં ટોળાં એરપોર્ટો પર ઊભરાતાં રહ્યાં જે પૈકી અનેક આત્મઘાતી હુમલાનો ભોગ બનેલ છે. અમેરિકન સૈનિકો પણ શહીદ થયા છે. બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો સહિત અનેકનાં મોત થયાં છે અને અનેક ઘાયક થયેલ છે. કાબુલ એરપોર્ટ બંધ કરી દેવાતા જે લોકો તાલિબાનના ત્રાસમાંથી ભાગી છૂટવા દિવસોથી ભૂખ્યા અને તરસ્યા એરપોર્ટ આસપાસ ટોળે વળ્યા હતા એમની આશાઓ પર પાણી જ નહીં, લોહી ફરી વળ્યું છે. ઈસ્લામિક આતંકવાદીની પરાકાષ્ટા સમી આ ઘટના પછી દુનિયાને ગમે તેટલા તાકાતવાન દેશો પણ સલામત નથી - એનો સંકેત મળે છે. ભારત માથે તો જોખમ ઝળૂંબતું જ રહેવાનું છે કારણ કે તાલિબાને ગાઈ વગાડીને જાહેર કર્યું છે કે પાકિસ્તાન એમનું બીજું ઘર છે. વીસ-વીસ વરસ સુધી અમેરિકાએ અને ભારત સહિત ઘણા દેશોએ ઘાયલ અફઘાનિસ્તાનને બેઠું કરવા પાણીની જેમ પૈસા વેડફ્યા પણ એનું પરિણામ છેલ્લે કાબુલ એરપોર્ટની ખૂનરેજી સ્વરુપે આવ્યું છે. તાલિબાને શરિયા લાગુ કરીને મહિલાઓને ઘર બહાર નીકળવાની મનાઈ ફરમાવી દીધી છે અને સંગીત-કળાઓ પર સખત પ્રતિબંધ લાદી દીધો છે. અમેરિકા મૂર્ખ ઠર્યું છે અને ઈસ્લામિક ઈસ્લામિક આતંકવાદનો ઝંડો અફઘાનિસ્તાન પર જ નહીં બલકે આખી માનવજાત પર ખૂંખાર ખિખિયાટા કરતો લહેરાઈ રહ્યો છે.

સચોટ નિદાન જોઈએ છે? તો PCR થી તમારા લોહીની તપાસ કરાવો

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર

શું અત્યારે ડેન્ગ્યુના કેસ વધારે છે. મેલેરિયાના કેસ ડેન્ગ્યુ કરતા ઓછા છે. લોહી ટેસ્ટ વગર ડેન્ગ્યુ કે મેલેરિયા અલગ ના પાડી શકે ? આજે ડાહ્યાલાલ અને ગાંડાલાલ નીલેશ અને વિપુલ બધા જ હતા. કોઈ કંઈ બોલતું નહોતું. જાણે વધારે પડતી શાંતિ હતી. શાંત અવાજમાં ચારે બાજુ તમરાનો તીણો અવાજ આવતો હતો. ભીનાશના લીધે અને રિનોવેશન મકાનોના થતાં હોવા કારણે ચારેબાજુ પાણી ભરાયેલા હતો. મચ્છરનાં ઉડવાનો ભેદી અવાજ આવતો હતો. વડની ઉપર પોપટ ચકલી ખીસકોલી વગેરે આરામ કરી રહ્યા હતાં, કયાંક કયાંક ઘુવડ અથવા તો ચિબરીનો બિહામણો અવાજ આવી રહ્યો હતો. ક્યાંક કયાંક ટીવીનો અવાજ પણ આવી રહ્યો હતો. આવા પ્રદૂષિત વાતાવરણમાં લોકો એટલે કે ચાર મિત્રો ભેગા થયા હતા.

દોઢ બે વર્ષથી કોરોનાની વાતો કરીને મગજમાં કાણા પડી ગયા હતા. હવે શું વાતો કરવી કોરોનાની કેટલું બધું કહેવામાં આવ્યું છે. સાંભળવામાં આવ્યું છે. જાણે બધા કોરોના ઉપર પીએચ.ડી. કરી દીધું હોય. એ વાત જુદી છે એવું જ્ઞાન મળી ગયું છે. પરંતુ એ વાત જુદી છે કે કોરોનાની દવા હજુ સુધી કોઈને મળી નથી. બધા રસીએ કોરોનાની દવા એવું માને છે પણ એ પણ કેટલેક અંશે સત્ય કહેવાય. ટૂંકમાં જેમ કાના માત્ર વગરના અક્ષરો હોય એવી રીતે ભગવાન પણ કાના માત્ર વગરની મુશ્કેલીઓ માનવજાત પર મોકલી દે છે. ભગવાને જે જે વસ્તુઓ બનાવી છે એ બધામાં માણસ પોતાની બુદ્ધિ વાપરીને એવું રહસ્ય શોધવા પ્રયત્ન કર્યો છે. ભગવાન નવી નવી મુશ્કેલીઓ નાખતા જાય છે અને માનવી એને તોડવા માટે અર્થાત્ પરિશ્રમ કરે છે. પણ આખરે બાપ તો બાપ જ હોય. દીકરો ગમે તેટલો આગળ વધે તો બાપ ના કહેવાય. હા એને ત્યાં દીકરો જન્મે ત્યારે અવશ્ય બાપ કહેવાય. જેમ કીડી જાડી થાય ત્યારે તેને જાડી કીડી કહેવાય એને હાથી ના કહેવાય. એવી રીતે દીકરો દીકરો જ રહે બાપ ના બની શકે એટલે ઈતિહાસ, સાયન્સ, અને માનવજાત ત્રણેય ગવાહ છે. કુદરતી જે આફતો આવે છે એ મનુષ્ય ઉકેલી નાખે છે પણ એની ઉપર નવી આપત્તિઓ આવે છે.

કોરોના એક એવી મુશ્કેલી ભગવાને આપી જેનો ઉકેલ કોણ જાણે કયારે થશે. પણ ભગવાનનો આભાર કે અત્યારે પૂરતો ભારતમાં શાંતિ છે. ત્રીજી લહેર આવશે એવી શક્યતાઓ પૂરીપૂરી છે નીતિ આયોગ કહે છે કે ઑકટોબરમાં દિવસના ૪ લાખથી વધુ કેસ હશે. જોઈએશું કરે છે ભગવાન. પણ અત્યારે તો કોરોના કરતા મેલેરિયા વધારે પોઝીટીવ આવે છે. મેલેરિયા કરતા પણ વધારે ડેન્ગ્યુ પોઝીટીવ આવે છે. ચિકનગુનિયા પણ પોઝીટીવ આવે છે. પણ તેનું ડાયગ્નોસ્ટિક ચિકનગુનિયા PCR વગર થતું નથી. ધારો કે તાવ આવે તો પહેલાં મેલેરિયાની તપાસ કરવાની, મેલેરિયા ના હોય તો ડેન્ગ્યુ અને ડેન્ગ્યુ ના હોય તો ચિકનગુનિયા. આ પરિસ્થિતિમાં લેબોરેટરી અગત્યની બની જાય છે. સારી લેબમાં ટેસ્ટ કરાવવા એટલા જ જરૂરી છે. અત્યારે ને હવે PCR નો જમાનો છે. તમારે જલ્દી સારા થવું છે ? સચોટ નિદાન જોઈએ છે? તો PCR થી તમારા લોહીની તપાસ કરાવો. કારણ કે બીજા કે બીજા બધા ટેસ્ટ સાચા જ હોય છે. પણ PCRથી કરેલ ટેસ્ટમાં ચોકસાઈ વધી જાય છે. અત્યારે મેલેરિયા કરતા પણ વધારે ડેન્ગ્યુના કેસ જોવા મળે છે. બંનેમાં તકલીફ સરખી હોય છે. CBC ના લોહીમાં ચિત્રો પણ સરખા હોય છે. આવી પરિસ્થિતિમાં Rapic કાર્ડ અને Elisa કરતા PCR વધારે અગત્યની ભૂમિકા ભજવે છે.

સાંયાજી ઝૂલા : ભક્તિરસમાં તરબતર કવિ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

વિહાણે નવે નાથ જાગો વહેલા
હુવા દૌડિયા ધૈન ગોપાલ હેલા
જગાડે જશોદા જદુનાથ જાગો
મહીમાટ ઘૂમે નવે નધ્ધ માગો.

જન્માષ્ટમીના પાવન પર્વે આજે પણ દેશના મોટા ભાગના વિસ્તારોમાં કૃષ્ણજન્મની ભીન્ન ભીન્ન રીતે ઉજવણી થાય છે. સાંયાજી ઝુલા મધ્યયુગમાં થયેલા એક સીધ્ધહસ્ત કવિ છે. તેઓ તેમની ભક્તિપ્રધાન રચનાઓ માટે સુવિખ્યાત છે. સાંયાજી ઝૂલાની ઉપરની પંક્તિઓમાં પણ કૃષ્ણભક્તિનો ભાવ તેની તમામ મધુરતા સાથે ઘૂંટાયેલો છે. સાંયાજીનો જન્મ સંવત ૧૬૩૨ (ઇ.સ. ૧૬૮૮) માં થયો હોવાનો મત વધારે પ્રમાણભૂત ગણાય છે. કવિ સાબરકાંઠા જિલ્લાના ઈડર વિસ્તારમાં ઝુલા પરિવારમાં થયા પરંતુ તેમની અનન્ય કૃષ્ણભક્તિની રચનાઓ થકી વ્યાપક પ્રસિધ્ધિ અને પ્રશંસા પામેલા છે. નવલા પ્રભાતની જ્યોતિર્મય ક્ષણોમાં માતા યશોદા બાળ કૃષ્ણને જગાડવા માટે પ્રયાસ કરે છે. તે સંદર્ભમાં કવિને આ પંક્તિઓ સ્ફૂરી છે. કવિની એક સુપ્રસિધ્ધ રચના 'નાગદમણ' ની શરૂઆત ઉપરની સુંદર પંક્તિઓથી થાય છે. કવિની રચનાના આ શબ્દો વાંચીને મનમાં નરસિંહ મહેતાની સ્મૃતિ થાય છે. આ રીતે જોઈએ તો કૃષ્ણ તરફની અનન્ય ભક્તિનો ભાવ સાંયાજી થી નરસિંહ સુધી વિસ્તર્યો છે. કારણકે જે શાશ્વત છે તે કદી કાળબાહ્ય થતું નથી. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયાલ જેવી નરસિંહની અમરકૃતિ અનંતકાળ સુધી ગવાતી અને ઝીલાતી રહેવાની છે. સાંયાજી ઝૂલાની ઉપરની પંક્તિઓમાં પણ માતા-પુત્રના સ્નેહભર્યા સંવાદમાં સ્થૂળ રીતે જોઈએ તો નટખટ કાનને ગાયો તથા ગોવાળ સાથે જવા માટે કહેવામાં આવેલું છે. આ સંવાદની તો એક શોભા છેજ પરંતુ અંતરાત્મામાં વસેલા પરમાત્માને ભાવ-ભક્તિથી જગાડવાનો એક વ્યાપક વિચાર પણ તેમાંથી પ્રગટે છે. કવિએ પોતાની દીર્ઘ રચનાના પ્રારંભેજ આ શબ્દો લખીને ભીતરતની ચેતના રૂપી દેવને જાગૃત કરવાનો યજ્ઞ આરંભેલો છે. જીવને શીવત્વ તરફ પ્રયાણ કરવું હોય તો અંતરમાં આવું કૃષ્ણ રૂપી ચેતનાનું જાગરણ થવું જરૂરી છે. આથી કવિની આ રચનાને આત્મ જાગરણની સંહિતા કહેવામાં આવે છે તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. ચેતના પ્રગટે તો અંદર – બહારનો ઉજાસ એ સહજ રીતે પ્રાપ્ત થાય છે અને આવા અંદરના ઉજાસનું એક સવિશેષ મૂલ્ય છે.

સાંયાજીએ પોતાની રચનાઓમાં કૃષ્ણભક્તિને પ્રાધાન્ય આપેલું છે. કવિની બે દીર્ઘ રચનાઓ - 'નાગદમણ' તથા 'રૂક્ષ્મણીહરણ' લોકખ્યાતિને વરેલા છે. કવિશ્રીના જીવન સાથે અનેક કથાકથિત વાતો તથા ચમત્કારના પ્રસંગો જોડાયેલા છે. પરંતુ કવિની કૃષ્ણભક્તિની બે સુપ્રસિધ્ધ રચનાઓ થકીજ કવિનું દૈદિપ્યમાન જીવન તથા અસાધારણ કવિત્વ શક્તિનું સુરેખ દર્શન થાય છે. ગુજરાત યુનિવર્સિટીના તત્વજ્ઞાન વિભાગના વડા પ્રાધ્યાપક પ્રાધ્યાપક દિલીપ ચારણે 'નાગદમણ' તેમજ તેમના કર્તા વિશે જે તારણ લખ્યું છે તે ખૂબ ઉચિત છે. (નાગદમણઃ સંપદનઃ ડૉ. દિલીપ ચારણ. પ્રકાશક સાંયાજી ઝુલા પ્રકાશન, કુવાવા-૨૦૧૭) તેમણે લખ્યું છે કે 'નાગદમણ'ની મનોહર કથાના ચિત્રણમાં સાંયાજીએ નાગની ગતિને અનુરૂપ ભૂજંગ છંદ પ્રયોજ્યો છે. ખરેખર ભૂજંગ છંદના બંધારણમાં આ કથા વિશેષ મનોહર તેમજ લોકભોગ્ય બની છે. આમ જૂઓ તો કવિએ જીવનની વ્યાપકતા તેમજ વાસ્તવિકતાના કેટલાક સંદર્ભો રચનામાં ગૂંથી લીધા છે. જે પ્રસંગોના માધ્યમથી વિચારયાત્રામાં વિસ્તરે છે. આપણું સમગ્ર સાંસારીક અસ્તિત્વ એ દડા સમાન છે. સંસારની અગાધ જળરાશીમાં તે રમમાણ રહે છે. ક્રમશઃ આ જીવતરમાં વિષ ઘોળાવાની પ્રક્રિયા થઈ શકે છે. 'સહસ્ત્ર ફેણો ફૂંફવતા' જીવનના સંજોગો અનેક વખત જીવત્વને શિવત્વ તરફ ગતિ કરતા રોકે છે. પરંતુ આમાંથી ઉગારે કોણ ? કૃષ્ણ જ આ જીવનને મોહપાશમાંથી મુક્ત કરી શકે તેવી કવિની પૂર્ણ શ્રધ્ધા છે. આથી કવિની વાણીનો પ્રવાહ કૃષ્ણ તરફ ભક્તિગંગા ગઈને વહે છે. કૃષ્ણના સ્મરણમાં તેમની વાણીનો વિલય થાય છે.

કવિ સાંયાજી ઝુલાની 'નાગદમણ' રચનાએ અનેક મુર્ધન્ય સાહિત્યકારોને આકર્ષિત કર્યા છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, ડોલરરાય માંકડ, ડૉ. પુષ્કર ચંદરવાકર, ડૉ. મોતીલાલ મેનારિયા જેવા અનેક સાહિત્યના વિખ્યાત જ્ઞાતાઓએ 'નાગદમણ' ગ્રંથ વિશે લખ્યું છે. તાજેતરમાં 'નાગદમણ' કૃતિનું ભાષ્ય જિતુદાન ટાપરીયાએ કરેલું છે. અનેક અભ્યાસુઓ આ લખાણોથી લાભાન્વીત થયા છે.

કૃષ્ણની બાળલીલાનું ગાન એ કવિઓ માટે મોટા આકર્ષણનો વિષય છે. દરેક ભાષાના સાહિત્યમાં બાળકૃષ્ણને લાડ લડાવતી અનેક રચનાઓ જોવા મળે છે. 'નાગદમણ' માં પણ કવિએ પોતાની છટાથી કૃષ્ણ લીલાનું ગાન કરેલું છે. કવિની એક અન્ય સુવિખ્યાત રચના 'રૂક્ષ્મણીહરણ' માં કૃષ્ણના ભક્ત વાત્સલ્યના ભાવ વીરરસની ધારે વહેલા છે. સાંયાજીએ 'અંગદવિષ્ટિલ્લ કાવ્ય પણ લખ્યું છે. રામચંદ્રજીની શૌર્યગાથા તેમાં પ્રગટ થતી જોવા મળે છે. 'નાગદમણ' ની કૃષ્ણભક્તિની રચનાઓ અત્યંત મધુર તથા ભાવપૂર્ણ છે.

હરી હો હરી હો હરી ધેન હાંકે
ઝરૂખે ચડી નંદકુમાર ઝાંકે
અહિરાણિયાં અવ્વલા ઝૂલ આવે
ભગવાનનેધેન ગોપી ભળાવે.

'હરી ધેન હાંકે' ની વાત કરતા કવિ કહે છે કે હરિના અવર્ણનીય રૂપની ઝાંખી નંદકુમારો તથા ગોપબાળાઓ કરે છે. કૃષ્ણને પોતાની ગાયો ભળાવે છે. જાણે કે સ્થૂળ પદાર્થને ત્યજીને પરમ પદાર્થની પ્રાપ્તિનો ગોપીજનોનો આ જાગૃત પ્રયાસ છે ! ગાયોને ભળાવવાનું તો એક બહાનું છે. પરંતુ કૃષ્ણમય થવાનો આ અવરસ છે તેને વ્રજવાસીઓ કેવી રીતે જતો કરી શકે ?

ચારણી સાહિત્યમાં ભક્ત કવિ ઈસરદાસજી જેમ ભક્તકવિ સાંયાજી ઝૂલાએ ભક્તિમાર્ગે કાવ્યધોધ વહાવ્યો છે. કવિની ભાષા પ્રાસાદિક છે. ઝવેરચંદ મેઘાણીએ પણ કવિની ભાષાની આ સરળતા અને અકૃત્રિમતાનો ઉલ્લેખ કરેલો છે. સામાન્ય રીતે આવા પ્રશિષ્ટ ગ્રંથો કે કાવ્યરચનાઓમાં જે વિષયવસ્તુને કેન્દ્રમાં રાખવામાં આવે છે તે તેના વિષય તથા રચનાની સબળતાને કારણે કોઈપણ સમયે માણવા ગમે તેવા હોય છે. 'નાગ દમણ'માં પણ કૃષ્ણ ભક્તિનો ઝીલાયેલો મનોહર ભાવ આજના સંદર્ભમાં પ્રસ્તુત છે. આજે પણ મહાનાયક કૃષ્ણને કેન્દ્રમાં રાખીને સતત રચનાઓ થતી રહે છે. જે નોધપાત્ર છે.

શબ્દોમાં કંડારાયેલું કલાત્મક આંસુ...

સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

ઝવેરચંદ મેઘાણીનો આજે જન્મદિવસ છે... ગુજરાતી સાહિત્યના ત્રણ એકકા એટલે નર્મદ, મુનશી અને મેઘાણી... સોરઠની તળપદી મહેંક એમની ભાષાની વિશેષતા છે..મેઘાણી પોતાને 'પ્હાડનું બાળક' કહે છે...એમનો જન્મ ચોટીલામાં તા.૨૮/૮/૧૮૯૬માં... સવાસો વરસ પછી પણ આજે વાચકો એમને વાંચે છે... એમની બળકટ ભાષાનો આજે પણ કોઈ વિકલ્પ નથી.. આપણે મેઘાણીને 'સૌરાષ્ટ્રની રસધાર' થકી વધારે જાણીએ છીએ... એમનાં શૌર્ય ગીતો લોક હદયમાં અંકિત છે...' રકત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે... કેસરવરણી સમરસેવિકા કોમળ સેજ સજાવે... 'એ શહીદ ગીત કે...'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ...કલેજાં ચિરતી કંપાવતી અમ ભયકથાઓ ' જેવાં દેશભકિત ગીત કે 'કસુંબીનો રંગ' જેવી કાલાતીત રચના એમને અમર બનાવવા પૂરતી છે...' ગાંધીજીએ એમને 'રાષ્ટ્રીય શાયર' કહી નવાજયા હતા... લોકમાનસમાં એ કવિ અને શૌર્યકથાઓના લેખક તરીકે જાણીતા છે..પણ મેઘાણી એક ઉત્તમ કક્ષાના વાર્તાકાર પણ હતા..એમની નવલિકાઓ એનાં પાત્રો અને એમાં ગૂંથાયેલી લાગણીઓ એક અજાયબ સૃષ્ટિ ઉભી કરે છે..મેઘાણીના વાર્તા જગતમાં ડોકિયું કરીએ... 'ઓળીપો' ઝવેરચંદ મેઘાણીની આવી જ એક રસપ્રદ વાર્તા છે... જેને તમે શબ્દોમાં કંડારાયેલું કલાત્મક આંસુ કહી શકો...માનવમનના સૂક્ષ્મ ભાવોને... લાગણીઓને શબ્દના એક લસરકે ભાવનાત્મક રીતે ઉપસાવવામાં મેઘાણીનો જોટો જડે એમ નથી...! વાર્તાનું શીર્ષક એક સંકેત આપે છે..ઓળીપો એટલે ગારમાટીનું કલાત્મક લીંપણ..જે લોકો ગારમાટીના ઘરમાં રહયા હશે એ જાણતા હશે કે..ગારમાટીનાં ઘરોને છાણથી સજાવવામાં આવતાં... ઘરની સ્ત્રીઓ... દિકરીઓ... કે નવી આવેલી વહુવારૂઓ એમની કોમળ આંગળીઓ થકી સુંદર આંકળીઓ પાડતી... ઘર ઝગમગી ઉઠતું... એને કહેવાય ઓળીપો.

એમાં કળા અને લાગણીઓનું જાણે ભરતકામ થતું.

વાર્તાનો નાયક અને નાયિકા નવાં પરણેલાં મુગ્ધ પ્રેમીઓ છે.નવી પરણીને સાસરીમાં આવેલી રૂપી નામની મુગ્ધાની આ વાત છે.. ખાધેપીધે સુખી પરિવારની મેર કન્યા સાધારણ કુટુંબની વહુ બનીને સાસરે આવે છે... ગારમાટીનું દેશી નળિયાનું ઘર... ઘરડાં સાસુ સસરા અને નિર્દોષ માસૂમ પતિ નથુ... રૂપીને આ બધું ગમી જાય છે... પૈસે ટકે પોતાના પિયરથી ભલે ઉતરતાં પણ લાગણીથી ભરપૂર સાસરિયાં એને પોતિકાં લાગે છે... પતિના ખોરડે કામ કરવામાં એને અનેરો આનંદ આવે છે..ગરીબ સાસુ સસરા એને આરામ કરવા સમજાવે છે..પણ રૂપી તો હરખઘેલી બની કામ કરતી જ રહે છે... પિતાના ઘેર દોમદોમ સાહેબીમાં ઉછરી હોવા છતાં એને અહીંના અભાવો કઠતા નથી... પ્રેમાળ પતિ અને એનો સંસાર એને ગમવા લાગે છે...ઘરવાળો નથુ શરમાળ છે... રૂપી એને પણ ખૂબ ગમે છે..આવી સરસ પત્ની મળવા બદલ એ મનોમન ભગવાનનો પાડ માને છે... એ સતત રૂપીનું સાનિધ્ય ઝંખે છે... કથા બરાબર જામે છે... વાચકને પ્રથમ નજરે આ લવસ્ટોરી હોવાનું પ્રતિત થાય છે. પણ મેઘાણી અલગ માટીના લેખક છે. થનગનતી રૂપી સાસરાના જૂના અને જર્જરિત ઘરને સજાવવામાં જ મગ્ન હોય છે..આવી ત્યારથી વગડેથી માટી લઈ આવવી, છાણ ભેગું કરવું, ગાર માટી તૈયાર કરી દિવાલની સજાવટ કરવી..એને મજા પડે છે આ બધું કરવામાં..ઘરડાં સાસુ સસરા આ નાજુક પુત્રવધૂને આરામ કરવા કહે છે...આડોશીપાડોશીને સતત ઓળીપો કરતી રૂપીને જોઈ આશ્ચર્ય થાય છે..મલપતી મલપતી ચાલે આવતી રૂપીને જોઈ લોકો કહે છે 'બાઈ આ તો નવી નવાઈની આવી છે !' ખેતરેથી ઘરે રોટલો ખાવા આવતો નથુ એની એક નજર માટે તરસે છે...પણ રૂપી તો ઘરને શણગારવામાં જ મસ્ત હોય છે...! મધુર દામ્પત્ય જીવન નજરાઈ તો નહી જાય ને ? એવો અંદેશો વાચક તરીકે આપણને થાય છે.

અને સોરઠનો શ્રાવણ ડોકાય છે... સાતમ આઠમના તહેવારો પિયરમાં કરવા માટે રૂપી બાપના ગામ જવા તૈયાર થાય છે... લગ્ન પછી એ પહેલી વખત માબાપને ત્યાં જઈ રહી છે..એના દિલમાં હરખ છે..એ સજીધજીને તૈયાર થાય છે... પરણ્યા પછી પહેલીવાર એને આવો સમય મળે છે... સુંદર મેર કન્યા અપ્સરા કરતાં પણ વધારે સોહામણી લાગે છે. પતિ નથુ એને જોઈ જ રહે છે... 'આ બધું કયાં મૂકી રાખ્યું તું ?,' નથુ કહે છે... વિદાય લેતી અલ્લડ રૂપી નથુને પોતાના પિયરમાં આઠમ માણવા આવવાનું કહે છે.પતિ પાસેથી વચન લઈ એ વિદાય થાય છે.ગરીબ સાસરાની એને માયા લાગી ગઈ છે.નથુ પણ એને બેહદ ગમે છે... એક રિવાજ મુજબ એ પિયર જાય છે... નથુ મેળામાં આવશે જ એની એને ખાત્રી છે.નવી પરણેતર, પિયર અને મેળામાં મ્હાલવાની વાત સોરઠી ધરાના સંતાનોને જ સમજાય...

કથા હવે કરવટ બદલે છે અને એ કરૂણરસમાં પ્રવેશે છે... પિયર પહોંચેલી રૂપીને જોઈ એનાં માબાપ અને સગાંસંબંધી છળી મરે છે. દૂબળી પડી ગયેલી પારેવા જેવી એમની દીકરીને સાસરિયાં હેરાન કરતાં હશે? એવી ધારણા કરે છે... પાડોશીઓ અને બીજાં એમાં સૂર પૂરાવે છે... સ